**આંક – 1 લગત હુકમ**

આ કામે આરોપી વિરુદ્ધ દંડની સજાને પાત્ર એન.સી. ગુનો નોંધાયેલો છે. જે છ માસ પહેલાંનો છે. જેથી સી.આર.પી.સી.ની કલમ–468 ની જોગવાઈને ધ્યાને રાખતા, જે ગુનામાં માત્ર દંડની સજા હોય તો તેવા ગુનાનું સંજ્ઞાન છ માસ બાદ કોર્ટ લઈ શકશે નહીં. જ્યારે સદર ફરિયાદ મોડી દાખલ કરવા બદલ ફરિયાદ દાખલ કરનાર દ્વારા કોઈ લેખિત કે મૌખિક ન્યાયિક ખુલાસો રજુ કરેલ નથી. જે જોગવાઈને ધ્યાને રાખતાં, આ ગુનો છ માસ જુનો હોવાથી સી.આર.પી.સી.ની કલમ–468 મુજબ સંજ્ઞાન લેવાનો બાધ નડતો હોય, જેથી આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકી આ કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.08 મી માહે માર્ચ સને 2025 ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

છોટાઉદેપુર
તા.08/03/2025

(પટેલ મિતેશચંદ્ર વિનોદકુમાર)
ચીફ જ્યુડી.મેજી., છોટાઉદેપુર
જીજે 01047